# ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી.

વહીવટી ઓફિસ : "વૃંદાવન", શુભમ ટાવર્સ સામે, બસ સ્ટેશન પાસે, વેરાવળ.
ફોન : ૨૪૪૦૭૭, ૨૨૧૨૦૧, ૨૪૪૧૨૨ ફેક્સ : ૨૪૪૧૨૩ email : headoffice@vpcbank.com- www.vpcbank.com

**કોર બેંકીંગ સુવિધાથી સજ્જ, SMS ALERT, MISS CALL બેલેન્સ ક્વેરી, Mobile App. તથા Rupay ATM / Debit Card સુવિધા ઉપલબ્ધ...**

રજીસ્ટ્રેશન નં. ૩૧ ૩૬
તા. ૩૧-૧૦-૧૯૫૯

રીઝર્વ બેંક લાયસન્સ નં.
UBD. GJ 811 P તા. 29-12-1986

## ૬૧મો વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦૨૦

## :: વાર્ષિક સાધારણ સભાની નોટીસ ::

આથી ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી. ના તમામ સભાસદોને જણાવવાનું કે, વૈશ્વિક મહામારીના પ્રવર્તમાન સંજોગોમાં બેંકની ૬૧મી વાર્ષિક સાધારણ સભા નિયમાનુસાર યોજવા હેતુ આવશ્યક પરવાનગી મેળવવા બેંક દ્વારા પ્રાંતના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ પાસે મંજુરી માંગેલ. જેઓ દ્વારા સરકારશ્રીનાં જાહેરનામા અનુસાર પરવાનગી અરજી નામંજૂર કરાયેલ જેથી બેંક દ્વારા જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગીર સોમનાથને આ અંગે માર્ગદર્શન કરવા કે અન્ય માન્ય માધ્યમના ઉપયોગથી સભા આયોજવા પરવાનગી હેતુ અરજ કરાયેલ. જેઓ દ્વારા બેંકની આ ૬૧મી વાર્ષિક સાધારણ સભા ડીજીટલી માન્ય પ્લેટફોર્મના ઉપયોગથી આયોજવા મળેલ પરવાનગી મુજબ આ સાધારણ સભા પ્રત્યક્ષ હાજરી (ફીઝીકલ) ની જગ્યાએ ઓનલાઈન e-AGM સ્વરૂપે NSDL ના પ્લેટફોર્મ ઉપર (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભાના એજન્ડા, અહેવાલ મુજબ ના કામકાજ માટે તા. ૮-૧૧-૨૦૨૦ ને રવિવાર, સવારે ૧૧-30 કલાકે મળશે. e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાવવા હેતુની માર્ગદર્શિકા/નોંધ બેન્કની તમામ શાખાના નોટીસ બોર્ડ, બેન્કની વેબસાઈટ www.vpcbank.com પર ઉપલબ્ધ છે.

વૈશ્વિક મહામારીના પ્રવર્તમાન સંજોગોમાં સંક્રમણ ટાળવા/અટકાવવાના હેતુથી તા. ૩૧-૩-૨૦૨૦ના પુરા થતાં નાંણાકીય વર્ષના હિસાબો e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભાની નોટીસ, બેન્કની તમામ શાખાના નોટીસબોર્ડ, બેન્કની વેબસાઈટ www.vpcbank.com પર સંક્ષિપ્ત અને વિસ્તૃત વાર્ષિક અહેવાલ ઉપલબ્ધ રહેશે. download કરી શકાશે. વૈશ્વિક મહામારીના સંક્રમણને ટાળવા/અટકાવવા હેતુ સભાસદોને રૂબરૂ મોકલવામાં આવશે નહીં.

### : કાર્યસૂચી :

૧. ગત તા. ૨૯/૦૯/૨૦૧૯ ની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૨. સને ૨૦૧૯-૨૦૨૦ નાં ઓડિટેડ નાણાંકીય પત્રકો, ઓડિટ દુરસ્તી તથા વ્યવસ્થાપક સમિતિનો અહેવાલ વિચારણામાં લઈ બહાલ રાખવા બાબત.
૩. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ભલામણ કરેલ અહેવાલના વર્ષના નફાની ફાળવણી મંજુર કરવા બાબત.
૪. સને ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે સ્ટેચ્યુટરી ઓડીટર્સની નિમણુંકની નોંધ લેવા બાબત.
૫. વ્યાજ રાહત યોજના અન્વયે થયેલ કાર્યવાહીને બહાલી આપવા અંગે.
૬. પેટા નિયમ સુધારા અંગે.
૭. ચેરમેનશ્રીની મંજુરીથી અન્ય આવશ્યક કામકાજ બાબત.

બોર્ડ ઓફ ડીરેક્ટર્સના આદેશથી

તા. : ૨૨/૧૦/૨૦૨૦
સ્થળ : વેરાવળ

(રજનીકાંત આઈ. ચંદારાણા)
જનરલ મેનેજર
ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી. વેરાવળ

## ● મિટીંગ હેતુ સભાસદો જોગ ખાસ માર્ગદર્શીકા / નોંધ ●

૧) બેન્કની આ ૬૧મી e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભાનો ઈવન કોડ NSDL, EVEN No. 114774 છે.

૨) e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીમાં જોડાવા હેતુ સભાસદશ્રીઓએ www.evoting.nsdl.com પર જઈને login કરવાનું રહેશે.

૩) બેંકના જે સભાસદોએ તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધીમાં નોંધાયેલા હશે અને સભા તારીખ સુધી ચાલુ Active હશે. તેઓ આ e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાઇ શકશે.

૪) e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાવવા હેતુ બેંકમાં સભાસદશ્રીઓના મોબાઈલ નંબર નોંધાવવા આવશ્યક રહેશે. જે સભાસદોના મોબાઈલ નંબર બેંકના રેકર્ડ પર નહિં નોંધાયેલ હોય તેઓ e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાઇ શકશે નહીં.

૫) e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાવવા માટે User ID અને OTP આપવા આવશ્યક રહેશે. OTP બેંકમાં નોંધાયેલ Registered Mobile Number પર આવશે.

૬) User ID-NSDL દ્વારા આપવામાં આવેલ બેંકનો EVEN No. 114774 આથી સભાસદનો User ID 114774 અને ત્યારબાદ સભાસદનો મેમ્બરશીપ નંબર ૫ આંકડાનો ટાઈપ કરવાનો રહેશે. (દા.ત. (૧) જો સભાસદનો મેમ્બરશીપ નંબર ૧૫૦ હોય તો તે સભાસદનો User ID 114774 00150 રહેશે. (૨) જો સભાસદનો મેમ્બરશીપ નંબર ૨૧૧૧૨ હોય તો તે સભાસદનો User ID 114774 21112 રહેશે.) આથી દરેક સભાસદનો User ID કુલ ૧૧ આંકડાનો રહેશે.

૭) જે સભાસદોનાં મોબાઈલ નંબર બેંકમાં નોંધાયેલ ન હોય એ સભાસદોએ તા. ૬-૧૧-૨૦૨૦ બપોરે ૨-૦૦ કલાક સુધીમાં નિયમ અનુસારનાં કે.વાય.સી. સાથે મોબાઈલ નોંધણી ફોર્મ ભરી સહી (આવશ્યક કિસ્સાઓમાં સિક્કા સાથે) કચેરીએ રજુ કરી નોંધણી કરાવવાની રહેશે.

૮) સાધારણ સભાની નોટીસ બેંકની શાખાના નોટીસ બોર્ડ તેમજ બેંકની વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે અને download કરી શકાશે.

૯) વૈશ્વિક મહામારીના પ્રર્વતમાન સંજોગોમાં બેંકની ૬૧મી e-AGM (વર્ચ્યુઅલ) સાધારણ સભા અંતગર્ત તા. ૩૧-૩-૨૦૨૦ ના પુરા થતા નાણાંકીય વર્ષમાં વાર્ષિક હિસાબો બેંકની વેબસાઈટ પર સંક્ષિપ્ત અને વિસ્તૃત વાર્ષિક અહેવાલનાં સ્વરૂપે ઉપલબ્ધ રહેશે અને download કરી શકાશે. સાધારણ સભા હેતું સભાસદોને પ્રતિ વર્ષ સંક્ષિપ્ત અને વિસ્તૃત વાર્ષિક અહેવાલ મોકલવામાં તેમજ બેંકની કચેરીએથી પુરા પાડવામાં આવતા હતા. જે આ વર્ષે વૈશ્વિક મહામારીનું સંક્રમણ ટાળવા/અટકાવવાના હેતુથી બંધ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત સભાસદશ્રીઓ ગુજરાત રાજય સહકારી અધિનિયમ-૧૯૬૧ ની કલમ -૩૩ ના પ્રાવધાન હેઠળની માહિતી મેળવવા જ હકકદાર છે જેની નોંધ લેશો.

૧૦) સભાસદશ્રીઓ માટે સભા દરમ્યાન કોમ્યુનીકેશન હેતુ ચેટબોક્ષની સુવિધા ઉપલબ્ધ રહેશે. જેનો ઉપયોગ સભાસદશ્રીઓ ઉકત પેરા (૯) ની મર્યાદામાં કરી શકાશે.

ગ્રાહકો / સભાસદો જોગ વિશેષ સુચના કે, જે સભાસદ/ગ્રાહક બેંક સાથેના તેઓના વ્યવહાર, માહિતીની આપ-લે તેમજ પત્ર વ્યવહાર ઈ-મેઈલ દ્વારા કરવા ઈચ્છુક હોય તેઓએ લાગુ પડતી શાખાની મુલાકાત લઈ પોતાનું ઈ-મેઈલ એડ્રેસ રજીસ્ટર કરાવવા ઘટતી કાર્યવાહી કરવી. બેંકના રેકર્ડ પર નહીં નોંધાયેલ હોય તેવા કોઈપણ ઈ-મેઈલ એડ્રેસ પરથી થયેલા કોમ્યુનીકેશનને ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ સભાસદો/ગ્રાહકોને લેવા વિનંતી છે.

**ખાસ સુચના :-**

**બેન્કના અહેવાલના વર્ષના ઓડીટરશ્રી દ્વારા ચકાસાયેલા અને પ્રમાણિત કરેલ વાર્ષિક હિસાબો નિયમાનુસાર પ્રસિદ્ધ કરાયેલ છે. જેનું વ્યક્તિગત રીતે વિશ્લેષણ કરી સોશીયલ મીડીયા દ્વારા કે અન્ય રીતે ચર્ચાઓ કરી સંસ્થાના હિતોને નુકશાન પહોંચાડવાની પ્રવૃત્તિ કરનાર/કરાવનાર સભાસદશ્રી કે અન્ય ની સામે બેન્કે લાગુ પડતા કાયદાના પ્રાવધાનો અંતર્ગત પગલા લેવાની ફરજ પડશે જેની ખાસ નોંધ લેશો...**

| કુલ આવક, કુલ જાવક જોગવાઈઓ અને નફો | ૧૮-૧૯ ( ₹ લાખમાં) | ૧૯-૨૦ ( ₹ લાખમાં) |
|---|---|---|
| કુલ આવક | ૨૮૫૯.૦૯ | ૩૨૪૮.૯૯ |
| કુલ જાવક | ૨૩૪૮.૫૪ | ૨૬૧૮.૩૭ |
| ગ્રોસ નફો | ૫૧૦.૫૫ | ૬૩૦.૬૨ |
| જોગવાઈઓ | ૩૪૯.૫૫ | ૩૫૭.૮૨ |
| કાર્યકારી ચોખ્ખો નફો સરવૈયામાં લઈ જતા..... | ૧૬૧.૦૦ | ૨૭૨.૮૦ |

## ● બેંકની પ્રગતિના આંકડા ●

(રકમ ₹ લાખમાં)

| અનુ. નં. | વિગત | વર્ષ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ | ૨૦૧૯-૨૦ |
| ૧ | સભાસદ સંખ્યા | ૨૮૦૨૫ | ૨૮૩૮૮ | ૨૯૦૮૨ | ૩૦૦૫૪ | ૩૦૫૬૦ |
| ૨ | શેર ભંડોળ | ૫૩૩.૧૫ | ૫૪૭.૩૬ | ૫૯૮.૪૩ | ૬૭૨.૬૯ | ૭૫૨.૦૨ |
| ૩ | રિઝર્વ તથા અન્ય ફંડ | ૧૬૫૫.૨૦ | ૧૭૩૪.૭૯ | ૧૮૧૯.૪૪ | ૧૯૨૬.૦૫ | ૨૦૦૨.૮૧ |
| ૪ | થાપણ | ૨૦૨૨૪.૭૯ | ૨૬૪૦૫.૪૦ | ૨૭૬૨૯.૭૦ | ૨૮૭૬૨.૨૫ | ૩૧૮૭૧.૧૧ |
| ૫ | ધિરાણ | ૧૧૯૩૪.૦૭ | ૧૦૪૧૬.03 | ૧૨૦૬૧.૦૦ | ૧૩૮૨૫.૦૮ | ૧૬૦૦૪.૪૭ |
| ૬ | કામકાજનું ભંડોળ | ૨૩૫૭૩.૪૦ | ૨૯૮૬૦.૨૯ | ૩૧૩૩૨.૩૮ | ૩૨૬૪૦.૭૮ | ૩૬૧૦૮.૧૨ |
| ૭ | નફો | ૧૦૧.૦૦ | ૧૧૧.૩૪ | ૧૩૩.૦૦ | ૧૬૧.૦૦ | ૨૭૨.૮૦ |
| ૮ | નેટ એન.પી.એ. % | 0 (ઝીરો) | 0.32 % | 0 (ઝીરો) | 0 (ઝીરો) | ૦.૫૦ % |
| ૯ | ઓડીટ વર્ગ | અ | અ | અ | અ | અ |

## -:: નફો તથા ફાળવણી ::-

બેંકનો કાચો નફો રૂા. ૬૩૦.૬૨ લાખ જેમાંથી સ્ટાફ ગ્રેચ્યુઈટી ખાતે રૂા. ૧૧૩.૮૭ લાખ, લીવ એનકેશમેન્ટ ખાતે રૂા. ૭૫.૧૬ લાખ તેમજ જનરલ પ્રોવિઝન અગેન્સ્ટ સ્ટાન્ડર્ડ એસેટસ ખાતે રૂા. ૮.૬૭ લાખ, એન.પી.એ. વ્યાજ પ્રોવિઝનના ૧૫.૧૨ લાખ, ભરવાપાત્ર ઈન્કમટેક્ષ, પ્રોવિઝન સને ૨૦૧૯-૨૦ ના રૂા. ૧૪૫.૦૦ લાખ ચુકવણી કર્યા બાદ ચોખ્ખો નફો રૂા. ૨૭૨.૮૦ લાખ નો થયો છે. જેની વહેંચણી નીચે પ્રમાણે મંજુર રાખવા બોર્ડ ઓફ ડીરેકટર્સ આજની સભાને ભલામણ કરે છે.

| | | |
|---|---|---|
| ૧) | પેટા નિયમ ૪૪ અ મુજબ અનામત ભંડોળ ખાતે ૨૫% મુજબ | ૬૮૧૯૯૫૦.૦૦ |
| ૨) | સહકારી કાયદાની સુધારેલી કલમ ૬૭-ક મુજબ ડુબત અને શંકાસ્પદ લેણા અનામત ખાતે ૧૫% મુજબ | ૪૦૯૧૯૭૦.૦૦ |
| ૩) | પેટા નિયમ ૪૪-ડ મુજબ શેર ભંડોળ ઉપર ૧૩% ડીવીડન્ડ | ૯૭૭૬૪૦૦.૦૦ |
| ૪) | પેટા નિયમ ૪૪-ક મુજબ શિક્ષણ ફાળો | ૩૦૦૦૦૦.૦૦ |
| ૫) | પેટા નિયમ ૪૪-બ મુજબ મેમ્બર્સ બેનીફીટ ફંડ | ૫૦૦૦૦.૦૦ |
| ૬) | પેટા નિયમ ૪૪-ઈ-૧ મુજબ ચેરીટી ફંડ | ૧૫૦૦૦૦.૦૦ |
| ૭) | પેટા નિયમ ૪૪ઈ-૭ મુજબ ડીવીડન્ડ ઇકવીલાઇઝેશન ફંડ | ૫૦૦૦૦.૦૦ |
| ૮) | પેટા નિયમ ૪૪ઈ-૧ મુજબ સ્ટાફ બેનીફીટ ફંડ | ૨૦૦૦૦૦.૦૦ |
| ૯) | પેટા નિયમ ૪૪ઈ-૪ મુજબ બિલ્ડીંગ ફંડ | ૨૫૦૦૦.૦૦ |
| ૧૦) | પેટા નિયમ ૪૪ઈ-૧ મુજબ સહકાર, પ્રચાર શિક્ષણ ફંડ | ૧૬૪૭૮.૦૦ |
| ૧૧) | ઈન્વેસ્ટમેન્ટ ફલકચ્યુએશન ફંડ ખાતે (રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ઈન્વેસ્ટમેન્ટ અંગેના માસ્ટર સરકયુલર પારા નં. ૧૮ માં સુચવ્યા મુજબ) | ૫૮૦૦૦૦૦.૦૦ |
| | કુલ રૂપીયા | ૨૭૨૭૯૭૯૮.૦૦ |

ડીવીડન્ડ :- બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સ સભાસદોને અહેવાલના વર્ષ માટે ૧૩ ટકા લેખે ડીવીડન્ડ આપવાની ભલામણ કરે છે. પરંતુ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના પરિપત્ર તા. ૧૭મી એપ્રિલ ૨૦૨૦ થી તમામ બેન્કોને રીઝર્વ બેન્ક ની પરવાનગી સિવાય સભાસદોને ડીવીડન્ડ વહેંચવાનું રહેશે નહી રીઝર્વ બેન્કની ડીવીડન્ડ ચુકવવાની મંજુરી મળ્યેથી ડીવીડન્ડ ચુકવવામાં આવશે અન્યથા આ રકમ બેંકના સ્ટેચ્યુટરી રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે.

### વિમા કવચ

બેંકની તમામ થાપણો સામે રિઝર્વ બેન્કના નિયમ અનુસાર બેંક દ્વારા દર છ માસે નિયમીત રીતે ભરવાપાત્ર પ્રીમીયમ ભરાયેલ છે. જેના કારણે થાપણદારોની ₹ ૫ લાખ સુધીની થાપણો વિમા કવચ હેઠળ સુરક્ષિત છે.

# ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી.

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૦ નાં રોજનું સંક્ષિપ્ત સરવૈયું

(રકમ ₹ લાખમાં)

| ૩૧-૩-૨૦૧૯ | ભંડોળ-દેવું | ૩૧-૩-૨૦૨૦ | ૩૧-૩-૨૦૧૯ | મિલ્કત-લેણું | ૩૧-૩-૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| ૬૭૨.૬૯ | વસુલ આવેલ શેરભંડોળ | ૭૫૨.૦૨ | ૫૫૭.૫૩ | હાથ ઉપર રોકડ | ૧૦૫૦.૯૬ |
| ૧૯૨૬.૦૫ | રિઝર્વ ફંડ તથા અન્ય ફંડ | ૨૦૦૨.૮૧ | ૧૫૧૦.૦૪ | નોટીફાઇડ બેંકોમાં ચાલુ ખાતે | ૧૭૯૪.૫૯ |
| ૨૮૭૬૨.૨૫ | થાપણો | ૩૧૮૭૧.૧૧ | ૨૯૯.૩૨ | અન્ય બેંકોમાં ચાલુ ખાતે | ૪૫૬.૫૨ |
| -- | કરજ | -- | ૬૪૩.૪૨ | બેંકોમાં મુદતી થાપણો | ૧૩૯૮.૮૯ |
| ૧૦.૨૧ | વસુલાત માટેના બીલ્સ | ૧.૫૧ | ૧૪૪૮૪.૭૪ | રોકાણો | ૧૩૯૪૪.૯૯ |
| ૨૯.૦૦ | બ્રાંચ એડજસ્ટમેન્ટ | -- | ૧૩૮૨૫.૦૮ | ધિરાણ | ૧૬૦૪૦.૪૭ |
| ૪૬૭.૭૬ | મુદતવિતી વ્યાજ અંગે રિઝર્વ | ૫૨૦.૬૨ | --- | બ્રાન્ચ એડજસ્ટમેન્ટ | ૨.૦૭ |
| ૪૯૩.૦૭ | ચુકવવાપાત્ર વ્યાજ | ૪૯૭.૮૩ | ૬૮૬.૩૮ | મળવાપાત્ર વ્યાજ | ૭૫૦.૩૮ |
| ૧૧૮.૭૪ | અન્ય જવાબદારી | ૧૮૯.૪૨ | ૧૦.૨૧ | વસુલાત માટેના બિલ્સ | ૧.૫૧ |
| ૧૬૧.૦૦ | નફા-નુકશાન ખાતે | ૨૭૨.૮૦ | ૪૫૪.૫૫ | સ્થાવર મિલ્કતો | ૪૪૩.૧૯ |
| | | | ૬૨.૭૪ | ફર્નિચર અને ફીકચર્સ | ૬૨.૬૨ |
| | | | ૧૦૬.૭૬ | અન્ય અસ્કયામતો | ૧૬૧.૯૩ |
| ૩૨૬૪૦.૭૭ | કુલ | ૩૬૧૦૮.૧૨ | ૩૨૬૪૦.૭૭ | કુલ | ૩૬૧૦૮.૧૨ |

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૦ નાં રોજ પુરા થતાં વર્ષનું નફા-નુકશાન ખાતું

(રકમ ₹ લાખમાં)

| ૩૧-૩-૨૦૧૯ | ખર્ચ | ૩૧-૩-૨૦૨૦ | ૩૧-૩-૨૦૧૯ | આવક | ૩૧-૩-૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| ૧૬૧૧.૫૮ | થાપણ તથા કરજ ઉપર વ્યાજ | ૧૭૪૮.૩૬ | ૨૭૩૬.૬૯ | વ્યાજ અને વટાવ | ૨૯૩૦.૦૬ |
| ૫૬૪.૯૮ | પગાર ખર્ચ | ૬૬૦.૩૯ | ૪૧.૨૩ | કમિશન - દલાલી | ૪૦.૪૪ |
| ૪૩.૬૬ | ભાડુ, કર, વિમો, તથા ઇલે. ખર્ચ | ૫૨.૦૦ | ૧૨.૧૨ | સીકયોરીટી ના વેચાણથી થયેલ આવક | ૨૨૦.૨૫ |
| ૭.૯૮ | કોર્ટ - વકીલ ફી | ૫.૬૮ | | | |
| ૪.૫૦ | પોસ્ટેજ, ટપાલ, ટેલીફોન ખર્ચ | ૪.૩૪ | ૬૯.૦૫ | અન્ય આવક | ૫૮.૨૫ |
| ૫.૪૩ | ઓડીટ ફી | ૬.૭૦ | | | |
| ૨૦.૬૬ | મિલ્કત મરામત તથા ઘસારા ખર્ચ | ૨૨.૫૧ | | | |
| ૯.૨૦ | સ્ટેશનરી છાપકામ અને જાહેરાત | ૧૦.૮૦ | | | |
| ૪૩૦.૧૦ | અન્ય ખર્ચ અને જોગવાઇ | ૪૬૫.૪૨ | | | |
| ૧૬૧.૦૦ | કાર્યકારી નફો સરવૈયામાં લઇ જતા | ૨૭૨.૮૦ | | | |
| ૨૮૫૯.૦૯ | | ૩૨૪૯.૦૦ | ૨૮૫૯.૦૯ | | ૩૨૪૯.૦૦ |

## ❖ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ❖

શ્રી વિક્રમ વૃન્દાવનદાસ તન્ના — ચેરમેન

| | | | |
|---|---|---|---|
| શ્રી અશોકકુમાર મગનલાલ ગદા | મેને. ડિરેક્ટર | શ્રી પ્રકાશ જગજીવનદાસ તન્ના | ડિરેક્ટર |
| શ્રી સુનીલકુમાર રમણીકલાલ સુબા | જો. મેને. ડિરેક્ટર | શ્રીમતી ચંદ્રિકાબેન વિનોદરાય કારીયા | ડિરેક્ટર |
| શ્રી કિશોરકુમાર મુળજીભાઇ કોટક | ચેરમેન એમીરેટસ | શ્રીમતી વત્સલાબેન શાંતીલાલ પોપટ | ડિરેક્ટર |
| શ્રી ગીરીશકુમાર કનૈયાલાલ ઠક્કર | ડિરેક્ટર | શ્રી અરવિંદભાઇ સરમણભાઇ સિંધલ | ડિરેક્ટર |
| શ્રી મહેશકુમાર કાન્તીલાલ આહ્યા | ડિરેક્ટર | શ્રી અશ્વિનકુમાર જમનાદાસ ઉનડકટ | ડિરેક્ટર, તાલાલા |
| શ્રી મુકેશકુમાર ગોવિંદજીભાઇ ચોલેરા | ડિરેક્ટર | શ્રી દિનેશચંદ્ર ધીરજલાલ દેવાણી | ડિરેક્ટર, કેશોદ |
| શ્રી મહેન્દ્રકુમાર જમનાદાસ ગંગદેવ | ડિરેક્ટર | શ્રી હરીશભાઇ હરજીવનભાઇ રૂપારેલીયા | ડિરેક્ટર, માંગરોળ |
| શ્રી રમેશચંદ્ર દ્વારકાદાસ ઠકરાર | ડિરેક્ટર | શ્રી ભૂવનેશભાઇ છગનલાલ કક્કડ | ડિરેક્ટર, જુનાગઢ |

# પેટાનિયમ સુધારા-વધારા દરખાસ્ત

| ક્રમ | પેટાનિયમ | જુનો પેટાનિયમ | નવો પેટાનિયમ | કારણો |
|---|---|---|---|---|
| (૧) | નવો પેટાનિયમ (૮) અ (૭) | નવો | લોન / ધિરાણ લેનાર કે તેના સૂચિત જામીન જો સભાસદ નહી હોય તો તેઓની સભાસદ થવાની અરજી, લોન / ધિરાણ અરજી સાથે જ રજુ કરવાની રહેશે. જો અરજદારની લોન / ધિરાણ અરજી તેમજ સભાસદ અરજી મંજૂર કરવામાં આવશે / મંજૂર થશે તો તેઓને સભાસદ બનાવવાની કાર્યવાહી અંતગર્તની દાખલ ફી તેમજ શેરની રકમ જમા કરાવવાની કામગીરી પુર્ણ થયેથી લોન / ધિરાણ છોડવામાં આવશે. આવા કિસ્સાઓમા સભાસદ અરજી મંજૂર કરવાની સતા લોન/ ધિરાણ સમીતીને રહેશે. આ પ્રકારે સભ્યપદ મંજૂર કરતી વખતે પેટા કાયદા નાં. ૮ (અ) ૧ થી ૬ તેમજ લાગુ પડતા કાયદાઓની જોગવાઈઓ અનુસારની લાયકાત / ગેરલાયકાત વિગેરે ધ્યાને લેવાની રહેશે. જેને બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા આગામી મીટીંગમાં બહાલી / અનુમોદન આપવામાં આવશે. | ઓડીટરશ્રીઓ દ્વારા સૂચવેલ સુધારા મુજબ |
| (૨) | પેટાનિયમ (૧૧) અ | જે સભાસદના કરજનાં વસુલાત સખ્તાઈ ના ઈલાજોથી કરવામાં આવી હોય એટલે કે, જેના ઉપર લવાદી ચુકાદાની ખરેખર રીતે બજવણી થઈ હોય તો તે સભાસદ બેંકની સભાસદ તરીકે કમી થશે. પણ જો તે સભાસદ બીજા કોઈ સભાસદના કરજ માટે જામીન હશે તો તે બેંકના સભાસદ તરીકે ચાલુ રહી શકે. પરંતુ તે એવી શરતે કે નવુ કરજ લેવા માટે હકકદાર ગણાશે નહી. ભવિષ્યમાં કરજ ધારણ માટે આ રીતે ગેરલાયક ઠરેલા સભાસદોની યાદી બેંક રાખશે. આ પેટાનિયમનું ઉલ્લઘન કરીને વ્યવસ્થાપક સમીતીના જે સભ્યો કરજ આપે તો એવા સભ્યો આવા કરજ માટે તેઓ અંગત જવાબદાર ગણાશે. | જે સભાસદના કરજનાં લેણાની વસુલાત કાનુની પ્રક્રિયા કરી કરવામાં આવી હોય તો તે સભાસદ બેંકનાં સભાસદ તરીકે કમી થશે. પણ જો તે સભાસદ બીજા કોઈ સભાસદના કરજ માટે જામીન હશે તો તે સભાસદને તેટલા સમય પુરતાં બેંકના સભાસદ તરીકે ચાલુ રાખી શકાશે. પરંતુ આવા સભાસદની નવા ધિરાણોમાં જામીનગીરી સ્વીકારવામાં આવશે નહી કે તેઓ નવા લોન / ધિરાણ મેળવવા પાત્ર રહેશે નહી. આ રીતે કમી થયેલ સભાસદ ભવિષ્યમાં પોતાના ધંધા – વેપાર – ઉધોગ પુનઃ સ્થાપિત કરી શાખ પાત્રતા ધરાવતા થાય અને બેંકમાંથી ફરીથી લોન / ધિરાણ લેવા અરજ | સભાસદોની માંગણીથી |

| ક્રમ | પેટાનિયમ | જુનો પેટાનિયમ | નવો પેટાનિયમ | કારણો |
|---|---|---|---|---|
| | પેટાનિયમ (૧૧) અ કન્ટીન્યુ | આસીસ્ટન્ટ રજીસ્ટ્રારશ્રીની ખાસ પરવાનગી સિવાય ઉપરના નિયમ પ્રમાણે બરતરફ થયેલો સભાસદ બેંકમાં ફરીથી દાખલ થવા લાયક ગણાશે નહી. | કરે તેવા કિસ્સામાં જો તેઓની ફરીથી સભાસદ થવા અરજી આવે તેવા કિસ્સામાં તેઓ સભાસદ પદેથી કમી થયા તારીખથી ઓછામાં ઓછો ૫ (પાંચ) વર્ષનો સમયગાળો થયો હશે તો તેઓને ફરીથી સભ્યપદ, ધિરાણ આપવા કે જામીન તરીકે સ્વીકારવા બાબત બોર્ડ ઓફ ડિરેકટર્સ નિર્ણય કરી શકશે. | |
| (૩) | (૩૮) ફ (૨) (૨) | તારણવાળા ધીરાણ માટે મંજૂર લીમીટના ૨.૫ ટકા રકમ જેટલી | તારણવાળા મંજૂર લોન / ધીરાણ માટે રૂા. ૫૦ લાખ સુધીની લીમીટ માટે ૨.૫ ટકા રકમનાં શેર લેવાના રહેશે. રૂા. ૫૦ લાખથી ઉપરની લોન/ધિરાણના કિસ્સામાં લેવાના થતા શેરની રકમ અંગે બેંકની સ્વમૂડી, ભંડોળ તેમજ CRAR ની સ્થિતી, RBI તરફથી તેમજ અન્ય રેગ્યુલેટર તરફથી આવેલ સૂચનાઓની મર્યાદામાં રહીને ગ્રાહકની શાખ પાત્રતા, તારણમાં આપવાની મિલ્કત, CIBIL સ્કોર વિગેરે બાબતો ધ્યાને લઈ બોર્ડ ઓફ ડિરેકટર્સ દ્વારા વખતો વખત નિતી નિર્ધારીત કરી શકાશે. અને તે અનુસાર શેર ધારણ કરાવવાના રહેશે. / લેવાના રહેશે.<br>પરંતુ આ નિતી નિર્ધારણ કરતી વખતે ઉકત દર્શાવેલ રૂા. ૫૦ લાખથી વધુના ધિરાણો માટે રૂા. ૧,૩૦,૦૦૦/– થી ઓછી રકમના શેર લેવાના થાય તે પ્રકારે નિતી ઘડી શકાશે નહિ. | સભાસદોની માંગણીથી |


**જીતેજી રકતદાન.... મૃત્યુબાદ ચક્ષુદાન....**



**ભારતની કુલ વસ્તી : ૧૩૮ કરોડ**

**દરરોજ સરેરાશ મૃત્યુ : ૬૨૩૮૯**

**સરેરાજ જન્મ : ૮૬૮૫૩ -**



**કુલ પ્રજ્ઞાચક્ષુ લોકોની સંખ્યા : ૬૮૨૪૯૭**

**દરરોજ મૃત્યુ થતા લોકો પોતાની આંખ જો દાનમા આપે તો ૧૧ દિવસમાં તમામ પ્રજ્ઞાચક્ષુઓને પોતાની આંખની રોશની મળી શકે.**

स्वच्छ भारत

एक कदम स्वच्छता की ओर